ભિલોડા પંથકમાં વાતાવરણમાં નાટ્યાત્મક રીતે પલટો આવ્યા બાદ કમોસમી વરસાદ

ખેડુતોમાં ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો : અમુક ગ્રામિણ વિસ્તારોમાં બરફના કરા સ્વરૂપે વરસાદ વરસ્યો

ભિલોડા, તા.૧૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા પંથકમાં વાતાવરણમાં એકા-એક

નાટ્યાત્મક રીતે પલટો આવ્યા બાદ કમોસમી વરસાદ વરસ્યો હતો.ભિલોડા તાલુકાના નવા ભેટાલી ગામના નિલેશભાઈ ભગોરા, વાંકાનેર ગામના વિનોદભાઈ વાઘેલા, નારણપુર ગામના મુકેશભાઈ બામણીયા, વિનોદભાઈ મકવાણાના જણાવ્યા મુજબ અમુક ગ્રામિણ વિસ્તારોમાં બરફના કરા સ્વરૂપે વરસાદ વરસ્યો હતો. અમુક ગ્રામિણ વિસ્તારના પ્રજાજનો મુઝવણમાં મુંકાયા હતા. ખેડુતોમાં ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. મોંઘા ભાવનું હુસેલ પવનમાં ઉડી જતાં પશુપાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. ઉનાળાની સીઝન દરમ્યાન કાળઝાળ ગરમીના માહોલમાં ખેડુતોએ કાળી મજુરી કરી મગફળી, મકાઈ,મગ સહિત વિવિધ પ્રકારના પાકોનું હોંશે-હોંશે વાવેતર કરેલ હતું પરંતુ કમોસમી વરસાદના કારણે ખેડુતોને નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે. એક ગુજરાતી કહેવત અનુસાર ખેડુતનું નસીબ હંમેશાં બે ડગલાં પાછળ જ હોય છે.

ઉનાળાની ઋતુ દરમ્યાન ૪૦ ડિગ્રી થી ૪૪ ડિગ્રી સુધીના તાપમાન વચ્ચે પ્રજાજનો અગનજવાળાઓમાં સેકાતા હતા. અસહ્ય કાળઝાળ ગરમીના માહોલમાં આહ્લાદક ઠંડક પ્રસરી હતી. પ્રજાજનોએ ખુશનુમા ઠંડકભર્યા માહોલનો અનુભવ કર્યો હતો. ઉનાળામાં કમોસમી વરસાદ આવતા ધરતીપુત્રોમાં ભારે ચિંતાનું મોઝુ ફરી વળ્યું હતું. અસહ્ય કાળઝાળ ગરમીના માહોલમાં તાપમાનના પારાની વધ-ઘટ વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી મોસમનો મિજાજ સતત બદલાતો રહ્યો છે.

ગત રાત્રે પવનના સુસવાટા સાથે જોરદાર વાવાઝોડુ આવતા ઠેર-ઠેર મોટા-મોટા હોર્ડિંગ્સો ઉડતા જોવા મળેલ હતા. અમુક ગ્રામ્યવિસ્તારોમાં નાના-મોટા વર્ષો જુના વૃક્ષો ધારાશાયી થયેલ હોવાનું જાણવા મળેલ છે. ધુળની ડમરીઓ ઉડતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. અસહ્ય

કાળઝાળ ગરમીના માહોલમાં કમોસમી વરસાદ આવતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. કાળઝાળ ગરમીના કારણે પ્રજાજનો પરસેવાથી રેબઝેબ થઈ રીતસરના નાઈ રહ્યા હતા ત્યારે કમોસમી વરસાદનું જોરદાર ઝાપટું આવતા પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો.

ભિલોડા યુ.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારીઓની બેદરકારીના કારણે કમોસમી વરસાદ વરસ્યા બાદ વીજળી ગુલ થઈ જતાં પ્રજાજનો ગરમીમાં પરસેવાથી રેબઝેબ થઈ ગયા હતા. ભિલોડા જૈન દેરાસર વિસ્તારમાં વીજળીના વોલ્ટેજ ઓછા આવતા હોવાથી વીજ ઉપકરણો બળી જવાની આશંકા સેવાઈ રહી છે. યુ.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે આ પ્રશ્ન હલ નહી કરવામાં આવે તો આ વિસ્તારના પ્રજાજનો ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપશે તેમ લોકમુખે જાણવા મળેલ છે. છેલ્લા કેટલાક દિવસોથી આકાશમાં ઘટાટોપ વાદળો ઘેરાતા હોવાના કારણે ખેડુતોની નજર આકાશ તરફ જ હોય છે.

એક તરફ લગ્નની સીઝન પુરબહારમાં ખીલી ઉઠી છે ત્યારે અમુક ગ્રામિણ વિસ્તારોમાં લગ્ન મંડપો પલળી ગયા હતા. લગ્ન સીઝનની મઝામાં કમોસમી વરસાદના કારણે લગ્નના મુરતીયા અને જાનૈયાઓ ભારે

મુઝવણમાં મુકાયા હતા. વાતાવરણમાં એકા-એક નાટ્યાત્મક રીતે અણધાર્યો પલટો આવતો હોવાના કારણે ખેડુતોના જીવ તાળવે ચોટી ગયા છે. આકાશમાં ગોરંભાયેલા વાદળોના કારણે કમોસમી વરસાદ વરસતાં ભીની માટીની મહેંક પ્રસરી હતી. અસહ્ય કાળઝાળ ગરમીના માહોલમાં ઠંડક પ્રસરી હતી.

આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ૨૧મી સદીના હાઈટેક યુગમાં ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરોના કારણે વાતાવરણમાં અણધાર્યા ફેરફારો દિન-પ્રતિ-દિન જોવા મળતા હોય છે. ઉનાળાની અસહ્ય કાળઝાળ ગરમીના માહોલમાં કમોસમી વરસાદ વરસ્યો હતો પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે અમુક ગ્રામિણ વિસ્તારોમાં કરા સ્વરૂપે વરસાદ વરસ્યો જાણે કે વૈશાખ મહિનામાં અષાઢી માહોલ સર્જાયો હોય તેમ આકાશમાં વીજળીના ચમકારા, કડાકા, ભડાકા અને મેઘ ગર્જના સાથે કમોસમી વરસાદ આવતા પ્રજાજનો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.

(તસવીર : સમીર બલોચ, બાયડ)

અરવલ્લી એલ.સી.બી. પોલીસે આજે બાતમીના આધારે માલપુરના મસાદરા ગામે રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો અને કુલ રૂ. ૯૯,૬૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર અરવલ્લી એલ.સી.બી. પી.આઈ. પી.કે. પટેલ તથા તેમના માણસો માલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. દરમિયાન તેમને બાતમી મળી હતી કે માલપુરના મસાદરા ગામે રાકેશભાઈ રાઠોડના રહેણાંક મકાનમાં કાનાજી મારીવાડે સોમાભાઈ ડામોર પાસે વિદેશી દારૂનો જથ્થો લાવીને મુક્યો છે. જે હકીકતના આધારે એલ.સી.બી. પોલીસની ટીમે દરોડો પાડી મકાનમાંથી વિદેશી દારૂ તથા બીયરની જુદી જુદી કુલ બોટલો નંગ ૯૯૬ જેની કુલ કિ. રૂ. ૯૯,૬૦૦ થાય છે. તે તમામ મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સંદર્ભે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉમેરઠ તાલુકામાં વંટોળીયાના કારણે ભારે તારાજી

ખેતીના પાક તેમજ અનેક મકાનોને નુકશાન : વિજળી પડવાથી બે ભેંસોના મોત : ગમાનપુરાના એક યુવકનું રહસ્યમય મોત

ઉમરેઠ તા. ૧૧

ગઈકાલે સમી સાંજના સમયે વાતાવરણે અચાનક પલટો મારી લોકોને ભર ઉનાળામાં ચોમાસાની અનુભૂતિ કરાવી હતી. જોરદાર ફૂંકાએલા પવન બાદ વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ તૂટી પડતા અસહ્ય ગરમીમાં ક્ષણિક રાહત જરૂર અનુભવાઈ હતી. પરંતુ વાતાવરણની આ બેવફાઈના કારણે ઉમરેઠ તાલુકાના કેટલાક વિસ્તારોમાં જાનમાલની ખુવારી થયાના વાવડ પ્રાપ્ત થયા છે.



૧૦મી ની રાત્રીએ વંટોળીયા સાથે વિજળીના પ્રચંડ ધડાકા સાથે વરસેલા વરસાદના કારણે ખેતરમાં ઉભી બાજરીના પાકને પારાવાર નુકશાન થયુ છે. તેમજ ઉમરેઠ તાલુકાના લીંગડા ગામના પરાં વિસ્તારના હરીપુરા ગામમાં વિજળી ત્રાટકતા ચૌહાણ પ્રતાપભાઈ ઝેણાભાઈની બે ભેંસોનું કરૂણ મોત નીપજ્યુ હતુ.તેમજ જોરદાર ફૂંકાએલા પવનના કારણે તાલુકાના રતનપુરા ગામમાં મોટી ખડકીમાં આવેલ વિનસભાઈ ઈશ્વરભાઈ પટેલના ત્રણ માળના ઘરના છતના છાપરા મોભ સાથે ઉખડી ૫૦૦ ફૂટ દૂર આવેલ સુથારવાળા ફળીયામાં આવેલ રાધેશ્યામ પરસોત્તમભાઈ પટેલના ઘરની અગાશીમાં ધડાકાભેર પડયા હતા.જો કે કોઈ જાનહાની ન થતાં લોકોએ રાહત અનુભવી હતી. ગઈકાલે ફૂંકાએલા વંટોળીયાના કારણે તાલુકાના અનેક ગામોના મકાનના છાપરા ઉડ્યાની પણ જાણકારી પ્રાપ્ત થઈ છે. પોલીસ તંત્ર પણ મોડી રાત સુધી વૃક્ષો હટાવાની કામગીરીમાં જોતરાયુ હતુ. જે.સી.બીની મદદથી મુખ્ય માર્ગો ઉપરથી ધારાશાયી થયેલા વૃક્ષો હટાવી વાહન વ્યવહાર રાબેતા મુજબ કર્યો હતો.

પ્રાંતિજમાં વાવાઝોડા સાથે કમોસમી માવઠુ

પ્રાંતિજ, તા. ૧૧

છેલ્લા દસેક દિવસથી કાળઝાળ ગરમી બાદ શનિવારે સાંજના ભારે બફારા અને ઉકળાટ બાદ વાતાવરણમાં એકાએક પલ્ટો આવતા પ્રાંતિજ તાલુકામાં ભારે વાવાઝોડા અને વીજળીના કડાકા સાથે કમોસમી માવઠા સ્વરૂપે વરસાદ પડતાં ઠંડક પ્રસરી ગઈ હતી. તો વાવાઝોડા ને વંટોળના કારણે પ્રાંતિજ તાલુકામાં વીજપોલ તથા વાયરો તુટી જતા આખીરાત વિજપુરવઠો ડૂલ થઈ જતા લોકો ગરમીમાં સેકાયા હતા ને ટીવી ફ્રીજ બંધ રાખવા પડ્યા હતા.

ઝંઝાવાતી વાવાઝોડાના કારણે ઠેકઠેકાણે મકાનોના પતરા, મોભ ઉડી દૂર સુધી ફંગોળાઈને ભાગી ગયા હતા. વૃક્ષો, ધરાશયી થઈ ગયા હતા. બાજરીનો પાક ખેતરોમાં જમીન દોસ્ત થઈ ગયો હતો. અને વેલાવાળા શાકભાજીના માંડવા જમીનદોસ્ત થઈ ગયા હતા. વાવાઝોડા વંટોળથી ખાસ કંઈ નુકશાની તંત્રના ચોપડે નોંધાઈ નથી. ઠેર-ઠેર લગ્નના મંડપો ઉડ્યા હતા.

પ્રાંતિજ રેલ-વે સ્ટેશન વિસ્તારમાં સ્થિત મહાકાળી મંદિરે તાજેતરમાં ભવ્ય હવન-પૂજાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતાએ પૂજા અર્ચના અને પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજમાં ક્ષત્રિય સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૧

પ્રાંતિજ-તલોદ તાલુકા ક્ષત્રિય સમાજ આયોજિત ૨૦મો સમૂહ લગ્નોત્સવ તાજેતરમાં ભારે હર્ષોલ્લાસપૂર્વક મામરોલી ગામે યોજાયો હતો.

મામરોલી મુકામે આયોજિત આ ક્ષત્રિય સમાજના સમૂહ લગ્નોત્સવમાં ૮૪ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. જ્યારે નકલંગ આશ્રમના મહંત નંદુરામ બાપુએ આશીર્વચન આપ્યા હતા. આ સમગ્ર લગ્નોત્સવનું સફળ આયોજન અગ્રણી મહેશ પટેલે કર્યુ હતુ. જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ જોડાયા હતા.

પ્રાંતિજ સ્થિત ભગવતી મેલડીમાતાના ધામે અમેરીકાના એક પટેલ પરિવાર દ્વારા અનોખી રીતે સમૂહમાં તા.૧૧-મે 'મધર્સ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિમાં 'મા'નો મહિમા અમૂલ્ય છે. માતૃદેવો ભવ વેદ મંત્રને ભારતીય સંસ્કૃતિ તથા સમાજે ચરિતાર્થ કર્યો છે. ત્યારે 'મા' માટે વિશ્વભરમાં આજના દિને 'મધર્સ ડે' ઉજવાય છે. 'મધર્સ ડે' ના રોજ મૂળ પ્રાંતિજ અને અમેરીકામાં રહેતા જાગૃતિબેન પટેલ અને તેમના પરિવારે પ્રાંતિજના ભગવતી મેલડીમાતાના ધામે વિશેષ ભવ્ય હવન, મહાપ્રસાદ તથા ૧૧ કિલોની કેક કાપી મધર્સ ડે ની ઉજવણી કરી હતી.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

આદિવાસી યુવતી પર મધ્યપ્રદેશમાં ગેંગ રેપ

વડોદરા,તા. ૧૧

વડોદરા નજીક ડભોઈ શહેરમાં રહેતી ૧૯ વર્ષીય આદિવાસી યુવતી ઉપર ગેંગ રેપ થયો હોવાના અહેવાલ મળ્યા છે. બોડેલીમાંથી તેનું અપહરણ કરી લેવામાં આવ્યું હતું અને તેને મધ્યપ્રદેશમાં લઈ જવાયા બાદ તેના ઉપર સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. મધ્યપ્રદેશ લઈ જવાયા બાદ તેના ઉપર બળાત્કાર ગુજારવાના સંદર્ભમાં પોલીસને કેટલીક કડી હાથ લાગી છે. ડભોઈમાંથી ત્રણ લોકો સહિત આરોપીઓ અને મધ્યપ્રદેશમાં અલીરાજપુર જિલ્લાના અન્ય ત્રણ લોકોએ મળીને આ કૃત્ય રચ્યું હતું. બોડેલી પોલીસ સ્ટેશન સમક્ષ આ સંદર્ભમાં ફરિયાદ નોંધાવવામાં આવી ચુકી છે.

ભિલોડામાં રહેતા શિક્ષકનાં ઘરમાંથી ૧.૫ લાખના દાગીનાની ચોરી

ભિલોડા, તા. ૧૧

ભિલોડામાં આવેલ અન્નપૂર્ણા સોસાયટીના રહેણાંક મકાનમાં ગતરોજ તસકરો ત્રાટક્યા હતા અને સોના-ચાંદીના દાગીના સહિત અન્ય ચીજવસ્તુઓ મળી કુલ ૧.૫ લાખની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ અરવલ્લી જિલ્લાના ભિલોડાનગરના હાર્દસમાં રહેણાંક વિસ્તારમાં આવેલી અન્નપૂર્ણા સોસાયટીમાં આવેલ બંગલા નં. ૧૫માં રહેતા પ્રવિણકુમાર કાવજીભાઈ પાડોર સાગડીયા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. ગતરોજ તેઓ પોતાના કામ અર્થે બહાર નિકળ્યા હતા ત્યારે અજાણ્યા શખ્સો દ્વારા તેમના ઘરનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો.

અજાણ્યા શખ્સો દ્વારા ઘરમાં પ્રવેશી અંદરના રૂમમાં આવેલી લોખંડની તિજોરીને ટાર્ગેટ કરી સેન્ટલ લોક તોડી તિજોરીમાં પડેલા ચાર તોલાના સોનાના દાગીના કિંમત રૂ. ૮૦,૦૦૦, ૫૦૦ ગ્રામ ચાદીના દાગીના કિંમત રૂ. ૨૫,૦૦૦ મળી કુલ રૂ. ૧.૫ લાખની કિંમત ચોરી કરી અજાણ્યો ચોરો પલાયન થઈ ગયા છે.

આ ચોરીની ફરિયાદ ભિલોડા પોલીસ સ્ટેશનમાં કરતા પી.એસ.આઈ. વી. યુ. ચાવડાએ અજાણ્ય ચોરોને પકડી પાડવા માટેના ચક્રોગતિમાન કર્યા છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જુ.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન